# ગુજરાત માહિતી બ્યુરો

ગુજરાત સરકાર, અમદાવાદ

**૧૦ જાન્યુઆરી, ૨૦૧૫** **સ...સં...૨૬**


## ગુજરાતના વિકાસ માટે સ્કાય ઇઝ ધ લિમિટ - મુખ્યમંત્રીશ્રી

...............

## ૨૭માં આંતર રાષ્ટ્રિય પતંગોત્સવનો અમદાવાદમાં શાનદાર પ્રારંભ

...............

## ૨૯ દેશો - ૧૦ રાજ્યોના ૩૭૮ પતંગબાજો સાથે પતંગ ઉડ્ડયનની મોજ માણતા અમદાવાદના નગરજનો :

...............

## રાજ્યપાલશ્રીની પ્રેરક ઉપસ્થિતિ: સૂર્ય નમસ્કારથી સેવાવસ્તી બાળકોની સૂર્યવંદના-વેદોના મંત્રોચ્ચારથી સૂર્યોપાસના - રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિ

...............

**રાજ્યપાલશ્રી**

**ઉત્તરાયણ - મકરસંક્રાંતિનું પર્વ ઉર્ધ્વગતિનો ઉત્સવ છે**

**ગુજરાતે પારંપારિક ઉત્સવોમાં સાંસ્કૃતિક ધરોહરનો સમન્વય કર્યો છે**

**મુખ્યમંત્રીશ્રી**

**પતંગ ઉદ્યોગથી ગરીબોનું આર્થિક સશક્તીકરણ થયું છે**

**ગુજરાતનો વિકાસ પતંગ સૌના સાથે-સૌના વિકાસે વૈશ્વિક ઊડાન પાર કરી ગઇ છે**

...............

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અમદાવાદમાં આંતરરાષ્ટ્રિય પતંગોત્સવનો શાનદાર પ્રારંભ કરાવતાં દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો કે, ગુજરાતના વિકાસ માટે સ્કાય ઇઝ ધ લિમીટ બની રહેશે.

આ સંદર્ભમાં તેમણે ક ું કે પતંગની ઊડાન માટે જેમ સ્કાય ઇઝ ધ લિમીટ હોય અને હવા સાથે બાથ ભિડતી-ઝીંક ઝિલની પતંગ ઊંચે ને ઊંચે વિહરે છે તેમ જ ગુજરાત પણ વાંકા દેખાઓ-વિકાસના યજ્ઞમાં રોડાં નાંખનારાઓ સામે મક્કમતાથી સફળતાપૂર્વક ઝિંક ઝિલતું વૈશ્વિક વિકાસના વાવટા ફરફાવી ર ું છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૭માં આંતરરાષ્ટ્રિય પતંગોત્સવનો રંગારંગ પ્રારંભ કરાવ્યો હતો. ૩૯ દેશો અને ભારતના ૧૦ રાજ્યોના ૩૭૮ ઉપરાંત પતંગબાજોની માર્ચ પાસ્ટ તથા મહાપાલિકા સંચાલિત પ્રા.શાળાઓના સેવાવસ્તી બાળકોના સૂર્ય નમસ્કાર સાથે આ પતંગોત્સવ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ નગરજનોએ માણ્યો હતો.

રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીજીએ ઉત્તરાયણ-મકરસંક્રાંતિના ઉત્સવને મનુષ્યના જીવનની ઉર્ધ્વગતિનું

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતમાં પતંગ ઉદ્યોગ-ગૃહ ઉદ્યોગ તરીકે પાછલા એક દશકમાં વિકસ્યો છે તે શાંતિ, ભાઇચારો અને આપસી પ્રેમની ફલશ્રુતિ છે તેમ જણાવતાં ઉમેર્યું કે, ૩૦ હજાર ઉપરાંત ગરીબ પરિવારો પતંગ બનાવવાના -કાઇટ ઇન્ડસ્ટ્રીના માધ્યમથી રોજગાર મેળવે છે. તેમાં ૭૦ ટકા નારીશક્તિ પણ જોડાયેલી છે.

શ્રીમતી આનંદી બહેને આ ઉદ્યોગ સાથે જ પતંગોત્સવને પ્રવાસન પર્વ બનાવી ગરીબોના આર્થિક સશક્તિકરણનો અવસર બનાવ્યો છે તેની વિગતો આપી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં ૫૦૦ કરોડનો સમગ્ર પતંગનો વેપાર માત્ર સિઝનમાં જ ૧૫૦ કરોડનો આંક પહોંચાડે છે. શ્રીમતી આનંદીબહેને મિશન મંગલમ તહેત પતંગ વ્યવસાયથી સિઝનલ રોજગારી બહેનોને પૂરી પાડવાના રાજ્યના આયોજનની પણ આ તકે ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ પતંગોત્સવ લોકશિક્ષણ અને જનચેતનાનું માધ્યમ પણ બની રહે તેવી નેમ દર્શાવતાં જણાવ્યું કે, કૂપોષણ મૂક્તિ, બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન જેવા સમાજજીવનને ઢંઢોળતા સંદેશ પતંગો દ્વારા ફેલાવી શકાય.

શ્રીમતી આનંદી બહેને, ગુજરાતની વિકાસ પતંગ સૌના સાથ સૌના વિકાસે વૈશ્વિક ઉડાન પાર કરી રહી છે તેનું શ્રેય સુશાસન અને ગતિશીલ કાર્ય સંસ્કૃતિને આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સાતમી કડીમાં જોડાવાનું ઇંજન આપતાં મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

પ્રારંભમાં પ્રવાસન મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે સૌને સ્વાગત પ્રવચનથી આવકાર્યા હતા. તેમણે પતંગોત્સવ, રણોત્સવ, નવરાત્રિ મહોત્સવ જેવા બહુવિધ ઉત્સવોથી ગુજરાતે વિશ્વભરના પ્રાવસીઓને આકર્ષિત કર્યા છે તેની ભૂમિકા આપી હતી.

રાજ્યમાં આવા ઉત્સવોની પરિપાટીએ પ્રવાસીઓની સંખ્યા આ વર્ષે ૨૮૭ લાખ જેટલી થઇ છે તેનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે રાજ્ય મંત્રી મંડળના મંત્રીશ્રીઓ, અમદાવાદના મયેર શ્રીમતી મિનાક્ષીબહેન પટેલ, સાંસદશ્રી કિરીટભાઇ, પ્રવાસન નિગમ અધ્યક્ષ શ્રી કમલેશભાઇ સહિત ધારાસભ્યો, પદાધિકારીઓ, આમંત્રિતો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને આનંદોત્સવમાં જોડાયા હતા.

ઉદય વૈષ્ણવ/                ..............